નોટ એક્સચેન્જમાં ખાનગી બેંકોની મનમાની સામે ગ્રાહકોમાં રોષ

પંચદેવે દિપમાળા - પાટનગર નગર દેવતા તરીકે ઓળખ પામેલ પંચદેવ મંદિરે દેવદેવાળીના પાવન પર્વે પરંપરાગત દિપમાળા યોજાઈ હતી... પંચદેવ યુવક મંડળ અને ભાવિકો દ્વારા ૧૦ હજારથી વધુ દીવડાઓ સાત વાગ્યા સુધીમાં પ્રજ્વલિત કરાયા હતા... ભગવાન કૃષ્ણની પ્રતિકૃતિ, તથા શહીદોને સલામ - જયજવાન જેવા દેશભક્તિ અને પ્રભુ ભક્તિનો સંગમ રચાયો હતો... શહેરના હજારો ભાવિકો દૈદિપ્યમાન દિપમાળાના દર્શને ઉમટ્યા હતા...

નોટબંધીથી શહેરના બજાર બેહાલ

પાટનગરમાં વેપાર ધંધાને ઘેરી અસર : જમીન બજાર ઠપ્પ બિલ્ડર લોબી ગુમસુમ હાલતમાં
બેંકો બહાર કતાર યથાવત વેપારીઓના ટર્નઓવરમાં પણ ૪૫ ટકાની ઘટાડો

નોટ એક્સચેન્જમાં ખાનગી બેંકોની મનમાની સામે ગ્રાહકોમાં રોષ

અધિકારીના પરિવારજનો દ્વારા લાઈન તોડી અસભ્ય વર્તાવ કરતાં ગ્રાહકોએ સરગાસણમાં હોબાળો મચાવ્યો

ગાંધીનગર, તા. ૧૪

ખાનગી બેંકો દ્વારા નોટ એક્સચેન્જમાં કરાતી મનમાની સામે ગ્રાહકોમાં રોષની લાગણી જન્મી છે. સહકારી બેંકોની સેવાઓ બંધ થઈ છે અને ખાનગી બેંકોની મનમાનીને લઈ રાષ્ટ્રીયકૃત બેંકો પર ગ્રાહકોનો ધસારો વધારે જોવા મળી રહ્યો છે.

છેલ્લા ત્રણ દિવસની રજાઓ પાટનગરના રહીશોએ મની એક્સચેન્જ અને ડિપોઝીટ્સ મુકવામાં પસાર કરી છે. બીજી તરફ રાષ્ટ્રીયકૃત બેંકોમાં પણ અધિકારીઓના પરિવારજનો પહોંચી વ્યવસ્થા ખોરવી નાખતા હોવાની વાતો પણ લોકજીભે ચર્ચાઈ રહી છે.

આજે પણ સરગાસણની બેંક ઓફ બરોડાની શાખા પર એક અધિકારીના કુટુંબ દ્વારા લાઈન તોડવામાં આવતાં અને સિક્યુરીટી જવાન સાથે પણ તોછડાઈભર્યુ વર્તન કરતાં હોબાળો મચ્યો હતો અને હોબાળાને લઈ બેંકને ૩૦ મિનિટ સુધી કામગીરી બંધ કરવાની ફરજ પડી હતી.

મળતી વિગતો પ્રમાણે તાબડતોબ બેંક અને પોલીસના તેમજ જિલ્લા તંત્રના અધિકારીઓ શાખા પર પહોંચ્યા હતા અને ગ્રાહકોને સહયોગ આપવા અપીલ કરી હતી. આ પછી જો કે બધુ થાળે પડી ગયુ હતુ અને મોડી સાંજ સુધી કામગીરી ચાલી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર તા ૧૪

પ્રધાનમંત્રીએ રૂ ૫૦૦ અને હજારની નોટબંધી કરતા બજારમાં આર્થિક વ્યવ્હાર અત્યંત પ્રભાવિત થયો છે. નોટો બંધ થયા બાદ એક સપ્તાહના અંતે વેપારીઓને મોટો આર્થિક ફટકો વેઠવાનો વારો આવ્યો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. વેપારીઓના કામ ધંધામાં રોજ બરોજ થતા ટર્ન ઓવરમાં પણ ૪૫ ટકાની ઘટ વર્તાઈ રહી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. બિલ્ડર લોબી બેહાલ બની છે. જયારે રીયલ એસ્ટેટનુ માર્કેટ પણ ઠપ્પ થઈ ગયુ છે. નગરના શોપિંગ સેન્ટરોમાં પણ સુનકાર છવાયેલો જાવા મળે છે. નોટો બંધ થયા બાદ વેપાર ધંધા પણ ઘેરી અસર વર્તાઈ રહી છે.

કાળાનાંણાને કબજે લેવા માટે પ્રધાનમંત્રી દ્વારા રૂ ૫૦૦ અને હજારની નોટો રદ કરી દેવાનો નિર્ણય લેવાતા છેલ્લા એક સપ્તાહથી જાણે આર્થિક મંદીનો માહોલ જોવા મળી રહયો છે. સામાન્ય માણસ પૈસા મેળવવા માટે કતારમાં ખડો થયેલો જોવા મળે છે. જયારે બજારમાં પણ પૈસો ફરતો ન હોવાથી વેપાર ધંધામાં પણ મંદીનુ મોજુ ફરી વળ્યુ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. નગરના શોપિંગ સેન્ટરોને પણ ખાલીપો ભરખી ગયો છે. નોટો રદ થવાના નિર્ણયના પ્રથમ બે દિવસ બજારો સાવ બંધ હાલતમાં હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. જયારે આજે સપ્તાહના અંતે પણ બજારમાં કોઈ ખાસ ચહલ પહલ જોવા મળતી નથી આમ આદમીના ખિસ્સામાં પડેલી ૫૦૦ અને હજારની નોટ બજારના વ્યવ્હાર માટે રદ્દી થઈ જતા બજારમાં છુટક લેવડ દેવડ મુખ્ય બની છે. નાંણાકીય લેવડ દેવડ મોટી રકમમાં

● અનુસંધાન પાન-૭ પર

નાના કર્મચારીઓને ચલણી નોટો બદલવા વરધી આપતા અધિકારીઓ

બેંક બહાર ફરજ બજાવતા પોલીસ કર્મીઓને જ અધિકારીઓ નોટો બદલાવવા હવાલો આપે છે જ્યારે આઈએએસ અને કમિશ્નર કક્ષાના અધિકારીઓ ડ્રાઈવર અને પટાવાળાને લાઈનોમાં ઉભા રહેવા ફરજ પાડી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૪

દેશભરમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો પર પાબંધી મુકાતા જ અંધાધૂંધી અને અફડાતફડી માહોલ જોવા મળ્યો છે. હેરાન અને પરેશાન બનેલી સામાન્ય પ્રજા કલાકોના કલાકો લાંબી કતારમાં ઉભી રહી ચલણી નોટો બદલાવી રહ્યા છે. ત્યારે સહકારના જ વહીવટીતંત્ર અને પોલીસતંત્રના ઉચ્ચ અધિકારી પોતાના જ વિભાગના નાના-કર્મચારીઓને ડ્યુટીની સાથે નોટો બદલવા રૂઆબ જાડી લાંબી લાઈનોમાં ઉભા રહેવા ફરજ પાડી રહ્યા છે. આડા દિવસોમાં તો પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીના નાના કર્મચારીઓને ટાપાટૈયા કરે જ છે. ત્યારે હાલ પણ નોકરીના ભાગરૂપે પોતાની ચલણી નોટો બદલાવી શકતા નથી પરંતુ સાહેબ...ના ઓડર પ્રમાણે બેંકમાં જઈ નોટો બદલીને પરત આપવાની ફરજ પાડી રહ્યા છે. તમામ બેંકોની સુરક્ષા માટે રોકી રખાયેલા પોલીસ કર્મચારીઓ સુરક્ષાની વાત તો ભુલી જ ગયા છે. અને ઉપલી અધિકારીઓના વેતરા કરવાનો વારો આવ્યો છે.

કેન્દ્ર સરકારે અચાનક જ ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી બંધ કરી દેતા દેશનો કોમન મેન હવે લાઈન મેન થઈ ગયો છે. ઠેર ઠેર દેશભરમાં નાણાની ભારે અછત સર્જાઈ રહી છે. નાગરિકો કામ ધંધો પડતો મુકી નાણાં લેવા બેંકમાં દોડી રહ્યા છે અને કલાકો સુધી કતારોમાં ભુખ્યા ને તરસ્યા ઉભા રહી ઘર ખર્ચના નાણાં લઈ રહ્યા છે. જ્યારે સૌથી વધુ કાળુ નાણું ભેગુ કરનાર અને કરચોરી કરનાર લોકો તો ક્યાંય જોવા મળતા નથી.

સરકારના વહીવટીતંત્ર અને પોલીસતંત્રમાં ફરજ બજાવતા રૂઆબદાર ઉચ્ચ અધિકારીઓ નાના કર્મચારીઓને રિતસરનો દમ મારી રૂઆબ જાડી રહ્યા છે અને પ્રતિબંધિત ચલણી નોટો બદલાઈને લાવી આપવા વરધી પકડાવી રહ્યા છે. પીઆઈ, ડીવાયએસપી, એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ એક બીજાને વરધી પકડાવી રહ્યા છે અને આખરે બેંકમાં લોકોની ભીડની રક્ષા માટે ફરજ પર મુકવામાં આવેલા કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીઓને રીતસરની ફરજ પાડી રહ્યા છે. નોટો બદલાઈ લાવવાની જ્યારે સચિવાલય સહિતના ઉચ્ચ કર્મચારીઓ પોતાના પટાવાળા, કમ્પ્યુટર ઓપરેટર અને ડ્રાઈવરને બેંકો

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા ભાઈશ્રી **ભરતભાઈ નારણભાઈ ચૌહાણ** તા. ૯/૧૧/૨૦૧૬ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૧૭/૧૧/૨૦૧૬ને ગુરૂવારના રોજ બપોરે ૨.૦૦ થી ૪.૦૦** દરમિયાન તેમના નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન :
U-5, કિર્તિધામ સોસાયટી, છેલ્લી લાઈન, વાવોલ, તા. જી. ગાંધીનગર

ચિમનભાઈ શિવાભાઈ ચૌહાણ
દિલિપભાઈ શિવાભાઈ ચૌહાણ
મનોજભાઈ શિવાભાઈ ચૌહાણ
રાજેશભાઈ ગાભાભાઈ ચૌહાણ (ભત્રીજા)
કલ્પેશભાઈ આત્મારામ ચૌહાણ (ભત્રીજા)
જેઠાભાઈ નારણભાઈ ચૌહાણ

પીયર પક્ષનું બેસણું

અમારા જમાઈશ્રી **ભરતકુમાર નારણભાઈ ચૌહાણ** તા. ૯/૧૧/૨૦૧૬ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૧૭/૧૧/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦** સુધી તેમના નિવાસસ્થાને રાખેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

નિવાસસ્થાન :
U-5, કિર્તિધામ સોસાયટી, છેલ્લી લાઈન, વાવોલ, તા. જી. ગાંધીનગર

લિ.
તલવાડી ચતુરભાઈ જી. (સસરા)
(નિવૃત્ત નાયબ મામલતદાર)
હર્ષદભાઈ સી. તલવાડી (સાળા)
ભરતભાઈ સી. તલવાડી (સાળા)
- એડવોકેટ

મનપાને વધુ ૩૬ લાખની આવક

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકામાં આજે વધુ ૩૬ લાખ જેટલી આવક મિલ્કતવેરા પેટે થવા પામી છે. છેલ્લા ચાર દિવસથી જૂની નોટ્સ સ્વીકારવાના નિર્ણયને પગલે નગરજનોએ સારો ઉત્સાહ દાખવ્યો છે.

ચાર દિવસને અંતે મિલ્કતવેરાની આવક ૧.૮૦ કરોડ પર પહોંચી છે. તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ વર્ષે મિલ્કતવેરાની આવક ૧૭ કરોડને પાર કરી ગઈ છે.

મહાનગરપાલિકાએ સરકારની સૂચના પ્રમાણે જૂની નોટ્સ સ્વીકારવાનો નિર્ણય અમલી બનાવવામાં આવ્યો હોવાની જાહેરાત પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ અને રિક્ષાઓ દ્વારા વિવિધ સેક્ટરોમાં જાહેરાતો કરાવી હતી. પ્રથમ દિવસે જ ૧.૦૮ કરોડની વિક્રમી આવક મનપાના સત્તાવાળાઓને મળી હતી.

આજે પણ સવારથી બાકીદારોએ લાઈન લગાવી દીધી હતી અને સાંજે ૬ વાગ્યા સુધીમાં ૩૬ લાખની લેણી રકમ તંત્રના અધિકારીઓએ વસુલી હતી.

મનપામાં ઘણા બધા રહીશો એડવાન્સ ટેક્સ પણ ભરી ગયા છે. તો કેટલાકે ત્રણથી પાંચ વર્ષની બાકી વસુલી ભરી દીધી છે. જો કે તંત્રને થયેલી આવકને લઈ સંતોષનો અહેસાસ તંત્રના કર્મચારીઓ કરી રહ્યા છે.

૭૦ ટકા સુધી વસુલી પહોંચી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. હવે મુદત વધારા અંગે સરકારના આદેશો પ્રમાણે આગળ વધવામાં આવશે તેમ તંત્રના આ સૂત્રોએ જણાવ્યું છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

શ્રદ્ધાંજલિ

સ્વ. ભરતકુમાર નારણભાઈ ચૌહાણ
સ્વ. તા. ૯/૧૧/૨૦૧૬

આત્મા અમર છે, તે ક્યારે મરતો નથી.
પવન વિચલીત કરી શકતો નથી,
પાણી ભીંજવી શકતો નથી,
અગ્નિ બાળી શકતો નથી અને
શસ્ત્ર છેદી શકતો નથી. એવા આત્માને સંસાર રૂપે ભવસાગરમા જાણે-અજાણે કર્મનું ફળ લાગેલ હોય તો પ્રભુ તેમના તમામ કર્મફળને માફ કરી ચિરશાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.
કે. પી. સોલંકી
(નિવૃત્ત સેક્શન અધિકારી)
સુનિલ એમ. સોલંકી
ભરતકુમાર રાવજીભાઈ ચૌહાણ
(કપડવંજ)

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com